# ભાવનગર મહાનગરપાલિકા

## ચીફ ઓડિટર કચેરી

ઓડિટ/ચી.ઓ./જા.નં. ૨૦૬ /૨૦૨૪-૨૫ તા. ૧૨/૦૯/૨૦૨૪

**વિષય :-** ડેપ્યુટી ચીફ ઓડિટર તરીકે નિમણુંક આપવા બાબત...

**સંદર્ભ :-**
(૧) મે.સ્ટે.ક.ઠ.નં. ૮૯૦ તા. ૨૭/૦૩/૨૦૨૩
(૨) ડેપ્યુટી ચીફ ઓડિટરની જગ્યા ભરવા માટે નિયુકત થયેલ પસંદગી સમીતીનો અહેવાલ
(૩) ક્રમાંક/મહેકમ/૬/૧૩૧ તા. ૨૫/૦૧/૨૦૨૪
(૪) મે.સ્ટે.ક.ઠ.નં. ૨૭૧ તા. ૨૯/૦૮/૨૦૨૪

ભાવનગર મહાનગરપાલિકાના ઓડિટ વિભાગ માં **" ડેપ્યુટી ચીફ ઓડિટર "** સંવર્ગની જગ્ય સીધી ભરતીથી ભરવા અંગેની તમામ કાર્યવાહી કરવા માન.કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને સંદર્ભ (૧) ના ઠરાવ થી અધિકૃત કરવા ઠરાવેલ હતું જે અન્વયે આ જગ્યાની સીધી ભરતી કરવા માટે તા. ૦૫/૧૧/૨૦૨૩ ના રોજ લેખીત પરીક્ષા લેવામાં આવેલ જે અન્વયે સંદર્ભ (૨) ના પસંદગી સમિતિના અહેવાલ અનુસાર ભાવનગર મહાનગરપાલિકામાં ઓડિટ વિભાગ માં ડેપ્યુટી ચીફ ઓડિટર ની જગ્યા ઉપર નિમણુંક આપવા માટે કાર્યવાહિ માટે સંદર્ભ (૩) થી માન.કમિશનરશ્રીએ માન.ચેરમેનશ્રી, સ્ટેડીંગ કમિટિને દરખાસ્ત મોકલતા સંદર્ભ (૪) થી સ્ટેડીંગ કમિટિ એ ઠરાવ્યા મુજબ આવેલ દરખાસ્ત તથા મેરીટ લીસ્ટની વિગતે ભાવનગર મહાનગરપાલિકાના ઓડિટ વિભાગમાં લીયન અને ફરજ રાખી " ડેપ્યુટી ચીફ ઓડિટર " ની જગ્યા ઉપર નિચે જણાવેલ ઉમેદવારને હાજર થાય તે તારીખથી પ્રથમ ૨ (બે) વર્ષનો સમયગાળો પ્રોબેશન ધોરણે રાખી આર.ઓ.પી. ૨૦૦૯ મુજબ રૂા.૯,૩૦૦-૩૪,૮૦૦ ગ્રેડ-પે ૫,૪૦૦/ આર.ઓ.પી.૨૦૧૬ ના મેટ્રીક્ષ લેવલ-૯ મુજબ રૂા. ૫૩,૧૦૦-રૂા. ૧,૬૭,૮૦૦ ના પગાર ધોરણમાં તથા સરકારશ્રીના વખતો વખત નિયત કરે તે રીતે મળવાપાત્ર અન્ય ભથ્થાંઓ સાથે પ્રોબેશન ધોરણે નિમણુંક આપવા હૂકમ કરવામાં આવે છે.

| ક્રમ | મેરીટ ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની કેટેટરી | ઉમેદવારની નિમણુંકની કેટેટરી | લીયનનો તથા ફરજનો વિભાગ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | શ્રી ધર્મદિપસિંહ છોટેન્દ્રસિંહ રાણા | બિન અનામત | બિન અનામત | ઓડિટ |

સબંધિત સર્વોએ તેનો અમલ કરવો.

**" મે.સ્ટેડીંગ કમિટિની આજ્ઞાનુસાર"**

**નકલ સવિનય જાણ થવા સારૂ :-**

# ભાવનગર મહાનગરપાલિકા

## ચીફ ઓડિટર કચેરી

(૧) માન.ચેરમેનશ્રી, સ્ટેંડીંગ કમિટિ, મ.ન.પા., ભાવનગર
(૨) માન.કમિશ્નરશ્રી , મ.ન.પા., ભાવનગર
(૩) સચિવશ્રી, મ.ન.પા., ભાવનગર

નકલ જાણ તથા અમલ થવા સારૂ :–

(૧) શ્રી ધર્મદિપસિંહ છોટેન્દ્રસિંહ રાણા
એમ.આઈ.પાર્ક, એમ.પી.શાહ કોમર્સ કોલેજની બાજુમાં,
બસ સ્ટેશન રોડ, સુરેન્દ્રનગર
(૨) ચીફ એકાઉન્ટસ ઓફિસરશ્રી
મ.ન.પા., ભાવનગર
(૩) ઈ.ડી.પી.મેનેજરશ્રી
કોમ્પ્યુટર વિભાગ , મ.ન.પા., ભાવનગર (મ.ન.પા.ની વેબ સાઈટ ઉપર મુકવા સારૂ)
(૪) સબંધિત પ્રકરણ ફાઈલે

ચીફ ઓડીટર
મહાનગરપાલીકા
ભાવનગર

# ભાવનગર મહાનગરપાલિકા

# ચીફ ઓડિટર કચેરી

-:: શ ર તો ::-

(૧) આ હૂકમ મળ્યેથી દિવસ–૧૫ માં ઓડિટ વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહશે. જો નિયત સમયમાં ફરજ પર હાજર નહી થાવ તો આ હૂકમ આપોઆપ રદ થશે. તે અંગે કોઈ નોટીસ કે પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(૨) હાજર થવાના સમયે હાલ જયાં ફરજ બજાવો છો તે સંસ્થા દ્વારા રજીનામું મંજૂર થયાનો આધાર રજૂ કરવાનો રહેશે.

(૩) આ નિમણુંક ઉમેદવારની સેવાની શરતો સબંધમાં ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર વખતો વખત જે નિર્ણયો કે નિતિ નકકી કરે તે બંધનકર્તા રહેશે.

(૪) ભાવનગર મહાનગરપાલિકાની સેવા અન્ય મહાનગરપાલિકામાં બદલીને પાત્ર નથી. આથી આ નિમણુંક પામેલ કર્મચારીની અન્ય મહાનગરપાલિકામાં કે સરકારશ્રીના અન્ય વિભાગોમાં બદલી થઈ શકશે નહી તેમજ પ્રતિનિયુકિતની માંગણીઓ પણ કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખવામાં આવશે નહી આ શરત તમોને બંધનકર્તા રહેશે. આમ છતા આપના દ્વારા આવી બદલી કેપ્રતિનિયુકિતની માંગણી કર્યેથી આપની વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહિ કરવામાં આવશે.

(૫) જન્મ તારીખ અંગે સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ તેમજ શૈક્ષણિક લાયકાત અંગેના તમામ પ્રમાણ પત્રની ખરી નકલ ફરજ પર હાજર થતા સમયે રજૂ કરવાના રહેશે.

(૬) ઉમેદવારશ્રીની આ નિમણુંક તેમના શારિરીક યોગ્યતાના અંગે સ્થાયી તબીબી તપાસ પંચનું તબીબી પ્રમાણપત્ર મોકવામાં આવનાર છે તેને આધિન રહેશ.ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો ) નિયમો–૨૦૦૨ ના નિયમ –૧૧ મુજબ શારીરીક યોગયતા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ નહી કરે અથવા તબીબી તપાસમાં આ જગ્યાએ નિમણુંક માટે અનફીટ જાહેર થશે તો તેમની અજમાયશી સેવા સમાત્પ કરવામાં આવશે.

(૭) ફરજ પર હાજર થયેથી સર્વિસ બુક રજૂ કરવાની રહેશે.

(૮) ભાવનગર મહાનગરપલિકાના તા.૨૫/૭/૧૧ ના હૂકમ મુજબ વર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૯) ફરજ પર હાજર થતા સમયે બે રાજયપત્રિત અધિકારીશ્રીઓના ચાલ ચલગત અંગે ચારિત્ર્યના પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

(૧૦) જે જગ્યા પર નિમણુંક કરવામાં આવે છે, તે જગ્યા અંગે નિમણુંકી અધિકારી દ્વારા જે ફરજો અને જવાબદારીઓ નકકી થયેલ છે તે મુજબ તથા વખતો વખત તેમા જે ફેરફારો કરવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(૧૧) નોકરી છોડવા / રાજીનામું આપવા બાબતે ૩૦ દીવસ અગાઉ જાણ કરવાની રહેશે અથવા ૧ માસનો નોટીસ પગાર તથા ચીફ ઓડિટરશ્રી દ્વારા ઠરાવવામાં આવે તેટલી બોન્ડની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૧૨) પ્રોબેશન સમય દરમ્યાનની સેવાની સક્ષમ અધિકારીને સંતોષકારક નહી જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે. આ નિમણુંક આજમાયશી /પ્રોબેશનના ધોરણે ગણાશે.

(૧૩) આ ભરતી માટે ફાઈનલ થયેલ મેરીટ યાદીમાં દર્શાવેલ મેરીટ ક્રમ મુજબ સીનીયોરીટી ક્રમ જાળવવાનો રહેશે. આ હૂકમ અન્વયે ફરજ પર હાજર થયેથી ઉપરોકત તમામ શરતો કબુલ મંજૂર છે, તેમ માનવામાં આવશે.

# ભાવનગર મહાનગરપાલિકા

## ચીફ ઓડિટર કચેરી

(૧૪) નિમણુંક થયેલ ઉમેદવારે ચીફ ઓડિટરશ્રી દ્વારા ઠરાવવામાં આવે તેવું તથા તેટલી રકમનું બોન્ડ ભરવાનું રહેશે. નિમણુંક થયેલ ઉમેદવારનેનિમણુંક વાળી જગ્યા ઉપર હાજર થયેથી આ શરત બંધનકર્તા રહેશે.

(૧૫) કોમ્પ્યુટર કૌશલ્યના તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ ની જોગવાઈ મુજબ ભાવનગર મહાનગરપાલિકાની સેવામાં દાખલ થયા બાદ સરકારશ્રીના અભ્યાસક્રમ મુજબની સી.સી.સી.પરીક્ષા સરકાર દ્વારા માન્ય કેન્દ્ર દ્વારા લેવાય તેમાં ઉપસ્થિત રહીને પસાર કરવાની રહેશે. અરજી સમયે રજૂ કરેલ સી.સી.સી. સર્ટીફીકેટ સરકારી નોકરમાં દાખલ થવા માટેની આ લાયકાત એક પૂર્વ લાયકાત છે. જેથી પસંદગી યાદી બાદ સરકારશ્રીની ખાતાકીય તાલીમ ભાગરૂપે અજમાયશી સમય દરમ્યાન સરકારે ઠરાવેલી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ ની સી.સી.સી. + ની સરકાશ્રીના પરીક્ષા કેન્દ્ર દ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે.

(૧૬) ઉમેદવારશ્રીએ કાર્ય મથક પરના રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીશ્રીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

(૧૭) ઉમેદવારશ્રીએ કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજર રહી ફરજ બજાવવાની રહેશે તેમજ અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકાશે નહી. જાહેર રજાના દીવસોએ પણ સરકારી / કચેરીની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકિય પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે નહી.

(૧૮) ઉમેદવારશ્રીએ શાખા / કચેરીના તરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવે તેવી અન્ય ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

(૧૯) ઉમેદવારશ્રીએ આજમાયશી / પ્રોબેશન સેવાના સમય દરમ્યાનની કામગીરી અંગે ઉપરી અધિકારીને મોકલાવેલ મૂલ્યાંકન અહેવાલના સબંધમાં સક્ષમ અધિકારીને કામગીરી સંતોષ કારક નહી જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ જાતની નોટીસ અપ્યા વગર તાત્કાલિક અસરથી સેવાનો અંત લાવવામાં આવશે.

(૨૦) ઉમેદવારશ્રીએ ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો-૧૯૭૧ થી વર્તણુંક અંગેના નિયમો નિયત કરવામાં આવેલા છે તે તેમજ ધી જી.પી.એમ.સી.એકટની જોગવાઈ મુજબ વર્તણુંક કરે તે અપેક્ષિત છે.

ચીફ ઓડિટર
મહાનગરપાલિકા
ભાવનગર.